## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



તમે લગ્નમાં વધુ માણસો બોલાવીને સોશિયલ ડિસ્ટસનાં ધજાગરા ઉડાડવા નહી એમ કહો છો પરંતુ અમે અમારા સગા-વહાલાને ન બોલાવીએ ને તો એ આખી જીંદગી અમારા ધજાગરા ઉડાવશે તેનું શું...?

# આરોગ્ય કર્મીઓને ફરજ પર હાજર થવા આદેશ

### કર્મચારી ફરજ પર હાજર થશે નહીં તો એપીડેમીક ડીસીઝ એક્ટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કડક કાર્યવાહી કરાશે

ગાંધીનગર,તા.૧૮

રાજયમાં કોવિડ-૧૯નું સંક્રમણ અટકાવવા તથા તેને નિયંત્રણમાં લેવા માટે યોગ્ય તકેદારી રાખવામાં ન આવે તો કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની સંખ્યા વધી શકે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. તે ઉપરાંત હાલ ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલા કોવિડ-૧૯ રસીકરણના મહાઅભિયાન અંતર્ગત ગુજરાતમાં તબકકાવાર હેલ્થ વર્કર, ફ્રન્ટલાઈન કાર્યકર અને વયોવૃધ્ધ વ્યકિતઓને વેકસીન આપવાની કામગીરી ચાલી રહી છે. આમ આ તમામ આરોગ્યલક્ષી કામગીરી નિયમિત સતત સુચારૂ રીતે થાય તે માટે આરોગ્યના તમામ ડોકટર્સ, કર્મચારીઓ પોતાની ફરજ બજાવે તે અત્યંત જરૂરી છે. જેને ધ્યાને લઈ આ સ્થિતિ વચ્ચે અચોકકસ મુદતની હડતાલ પર ઉતરેલા આરોગ્યના પંચાયત સેવા હેઠળના કર્મચારીઓને તાત્કાલિક ફરજ પર હાજર થવા આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ આદેશ કર્યા છે. જયપ્રકાશ શિવહરેના જણાવ્યા મુજબ વર્તમાન પરિસ્થિતિમાં આરોગ્યના પંચાયત સેવા હેઠળના કર્મચારીઓ અચોકકસ મુદતની હડતાલ પર ઉતરે તો, દર્દીઓને સારવાર આપવામાં તેમજ રસીકરણમાં મોટી મુશ્કેલીઓ ઉભી થઈ શકે તેમ છે. આથી સામાન્ય પ્રજાને તેમજ દર્દીઓને કોઈ હાલાકી ન ભોગવવી પડે તે માટે જે કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા છે, તેઓની સેવાઓ લેવી જરૂરી હોઈ એપીડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ મળેલ સત્તાની રૂએ પંચાયત સેવા હેઠળના આરોગ્ય કર્મચારીઓને તાત્કાલીક ફરજ પર હાજર થવા જરૂરી હુકમ કરવામાં આવ્યા છે. જો, હજુ કર્મચારીઓ ફરજ પર હાજર થશે નહીં તો કાયદેસરની કડક કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતુ. શિવહરેએ ઉમેર્યુ કે, હાલની કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં અત્યાર સુધીમાં રાજયમાં કોવિડ-૧૯ના ૨.૫ લાખ કરતા વધુ પોઝિટિવ કેસ અને ૪૭૦૦થી વધુ મૃત્યુ નોંધાયા છે. કોવિડ-૧૯ના રોગચાળાને નાથવા માટે આરોગ્ય વિભાગ સતત પ્રયત્નશીલ રહ્યો છે. કોવિડ-૧૯ રોગના અટકાવ અને નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા સતત સર્વેલન્સ, કોન્ટેકટ ટ્રેસીંગ, રેપીડ એન્ટીજન ટેસ્ટીંગ, ધન્વંતરી રથ સહિતની વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કોવિડ હોસ્પિટલ, કોવિડ હેલ્થ સેન્ટર અને કોવિડ કેર સેન્ટરના માધ્યમથી દર્દીઓને સેવા-સારવાર આપવામાં આવી રહી છે. આ અથાગ પ્રયત્નોને કારણે કોવિડ-૧૯ના કેસ અને મૃત્યુની સંખ્યામાં ઘટાડો કરી શકાયો છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લામાં ૨૬મી જાન્યુઆરીના રોજ જિલ્લાના પ્રભારી અને મહેસુલ મંત્રી કૌશિક પટેલના હસ્તે ધ્વજવંદન થશે.
- જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ ગાંધીનગર ખાતે યોજાશે.
- ગાંધીનગરના નાયબ જિલ્લા વિકાસ અધિકારી તેમજ આઈ.સી.ટી. ઓફિસરને કારોબારી સમિતિના ચેરમેનની ચેમ્બર તેમજ ઉપ પ્રમુખની ચેમ્બર ફાળવવાના આદેશો જિલ્લા વિકાસ અધિકારીએ કર્યા છે. જિલ્લામાં અધિકારીઓને બેસવા માટે પણ પુરતી જગ્યાનો અભાવ છે.
- ગાંધીનગર શહેરમાં પાર્ક કરેલી ગાડીમાંથી બેટરી ચોરતી ગેંગ સક્રિય થઈ હોવાની નગરજનોમાં ચર્ચા જાગી છે.
- રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આજે વેક્સીનેશન, કોરોનાની સ્થિતિ તેમજ અન્ય મુદ્દાઓને લઈ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી.
- નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવી પટેલે આજે માણસાની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ રાજકીય ધમધમાટ વધી જવા પામ્યો છે.

# સે. ૩-ન્યુ માં નવી પોસ્ટ ઓફિસ બનાવવા વસાહત મંડળની માંગ

### વિસ્તાર અને વસ્તીની દ્દષ્ટિએ મોટા એવા સેક્ટર-૩ માં પોસ્ટ ઓફિસ ના હોવાથી સ્થાનિકોને હાલાકી : વરિષ્ઠ નાગરિકોથી માંડીને વિદ્યાર્થીઓને અન્ય સેક્ટર સુધી પોસ્ટલ સેવાઓ માટે લાંબા થવુ પડે છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુ ખાતે નકશામાં પોસ્ટ ઓફિસ દર્શાવાયેલ હોવા છતાં અને લાંબા સમયથી સ્થાનિક વસાહતીઓની માંગ હોવા છતાં પોસ્ટ ઓફિસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી તેવી રજૂઆત સાથે સેક્ટર-૩-ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા દ્વારા સેક્ટરમાં સત્વરે નવી પોસ્ટ ઓફિસ બનાવવા માંગ કરવામાં આવી છે. આ માટે તેમણે સ્થાનિક સાંસદ તથા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ખર્ચને મંજૂરી મેળવી કાર્યવાહી હાથ ધરવા સેક્ટર-૧૧ ખાતેની જનરલ પોસ્ટ ઓફિસના કચેરી અધિક્ષકને લેખિત રજૂઆત કરી છે.

ગાંધીનગરમાં વિસ્તારની દ્દષ્ટિએ લગભગ સેક્ટર-૩ સૌથી મોટુ સેક્ટર છે જેમાં ચાર વિભાગો એ, બી, સી અને ડી ઉપરાંત સે. ૩-ન્યુનો પણ સમાવેસ થાય છે. આ સેક્ટર વસ્તીના પ્રમાણમાં પણ મોટુ હોવાનીરજૂઆત સાથે સેક્ટર-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા સેક્ટરના વસાહતીઓને તેમના પોસ્ટ કચેરીને લગતા કામકાજ માટે સેક્ટર-૬ અને સેક્ટર-૭ની પોસ્ટ ઓફિસના આધારિત રહેવુ પડી રહ્યું છે તેથી સ્થાનિક વસાહતીઓની માંગણી અને લાગણી સેક્ટર-૩-ન્યુમાં નવી પોષ્ટ ઓફિસ મળે તે માટેની છે તેવી રજૂઆત કરવામાં આવી છે. જો સે. ૩-ન્યુમાં નવી પોસ્ટ ઓફિસ બને તો તેનો લાભ આસપાસના સેક્ટરોના પણ વસાહતીઓ, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો લઈ શકે જેમને છેક સે. ૬ કે સે. ૭ સુધી લાંબા થવુ પડે છે. સે. ૩-ન્યુ સહિત આસપાસના વસાહતીઓના હજારો પોસ્ટલ એકાઉન્ટ આ કચેરીઓમાં કાર્યરત છે જેથી નાગરિકોને ત્યાં સુધી આવવા જવાનું ભાડુ વેઠવુ પડે છે તેમજ વરિષ્ઠ વયના નાગરિકોને શારિરીક અશક્તિ કે બિમારી જેવી મર્યાદા સાથે અન્ય વ્યક્તિની મદદના આશરે રહેવુ પડે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને તથા બેરોજગાર યુવાનોને પણ અભ્યાસ કે નોકરી અર્થે ભરવાના ચલણ ભરવા માટે દૂરની પોસ્ટ ઓફિસે જવું પડે છે જેમાં લાંબી કતારોને કારણે સમયનો વેડફાટ થતો હોય છે. વળી સેક્ટર-૩-ન્યુમાં સરકારના નકશામાં પોસ્ટ ઓફિસની જગ્યા દર્શાવેલ છે અને અન્ય સેક્ટરોમાં પણ પોસ્ટ કચેરી માટે અલાયદા મકાન ઉપલબ્ધ છે તે રીતે સેક્ટર-૩-ન્યુમાં પણ કાયમી ધોરણે પોસ્ટ કચેરી તેના પોતાના અલાયદા મકાન સાથે શરૂ થઈ શકે છે. આ સાથે વસાહત મંડળે રજૂઆત કરી છે કે સે. ૩-ન્યુની નજીકમાં આર.ટી.ઓ. કચેરી તેમજ ઈન્ફોસિટી જેવા મહત્વના મથકો આવેલા હોવાથી તેની સેવાનો લાભ પણ નાગરિકોને મળી શકે તેમ છે જેથી સે. ૩-ન્યુમાં નવી પોસ્ટ ઓફિસ બનાવાય તેવી માંગ વસાહત મંડળ દ્વારા કરવામાં આવી છે.



ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશના સ્થાપક સદસ્ય સ્વ. જીવણદાદાને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ સિવિલ ઓડીટોરીયમ હોલ ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, કેબીનેટ મંત્રીઓ શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

# યુવાનો જોબ સિકર નહીં પણ જોબ ગિવર બન્યા : રૂપાણી

### પદવીની સાર્થકતા માનવીય અભિગમ સાથે રાષ્ટ્રવિકાસના પુરુષાર્થ દ્વારા યુવાઓ સિદ્ધ કરે : રાજ્યપાલ દેવવ્રત

ગાંધીનગર,તા.૧૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના દસમા દીક્ષાંત સમારોહ પ્રસંગે પદવીપ્રાપ્તકર્તા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતા જણાવ્યુ હતુ કે, વિદ્યાર્થીઓ દીક્ષાંતે મેળવેલી પદવીની સાર્થકતા માનવીય અભિગમ સાથે રાષ્ટ્વિકાસના પુરુષાર્થ દ્વારા સિદ્ધ કરે. તેમણે જણાવ્યુ હતુ કે, ટેકનોલોજીના વર્તમાન સમયમાં સમાજને કૌશલ્યવાન યુવાધનની પ્રતિક્ષા છે ત્યારે ભારતીય પ્રાચીન જ્ઞાન પરંપરાના સંસ્કાર સાથે આધુનિક શિક્ષણની સક્ષ્જતાના સમન્વયથી વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ સફળતા હાંસલ કરી શકશે. રાજ્યપાલએ ગુજરાતના સાર્વત્રિક વિકાસની નોંધ લઈ જણાવ્યુ હતુ કે, ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અવિરત માર્ગદર્શન અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય આજે દેશભરમાં વિકાસનું આગવું મોડેલ બની રહ્યુ છે ત્યારે કૌશલ્યવાન યુવાધન ગુજરાતની આ વિકાસયાત્રામાં નવું જોમ પૂરું પાડશે. દયા, કરૂણા, સહિષ્ણુતા અને ભલાઈના માર્ગ પર ચાલીને રાષ્ટ્રકલ્યાણના લક્ષને સિદ્ધ કરવા રાજ્યપાલએ યુવાનોને અનુરોધ કર્યો હતો. તેમણે યુવાનોને આજીવન વિદ્યાર્થી બની રહેવા અને જ્ઞાનસંપદાને સતત સમૃદ્ધ બનાવવા આહ્વાન પણ કર્યુ હતુ. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, રાજ્યના સામાન્ય પરિવારના સંતાનોને-વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકે જીટીયુની સ્થાપના કરી હતી. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ૧૦મા દિક્ષાંત સમારોહમાં મુખ્યમંત્રી જણાવ્યું કે, એક સમયે ગુજરાતના યુવાનને મેડીકલ અને એન્જિનિયરીંગના અભ્યાસ માટે ભારે ભરખમ ડોનેશન ભરી રાજ્યની બહાર ભણવા જવું પડતું હતું. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે, સમગ્ર ભારતમાં ગુજરાત એજ્યુકેશનલ હબ તરીકે પ્રસ્થાપિત થઈ ગયું છે. ગુજરાતની સ્થાપના બાદ ૩૫ વર્ષો સુધી રાજ્યમાં માત્ર ૭ યુનિવર્સિટી હતી જ્યારે આજે વધીને ૭૭ સેકટર સ્પેસિફીક યુનિવર્સિટીઓ થઈ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, પાછલા બે-અઢી દાયકામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં ટેકનિકલ એજ્યુકેશન ક્ષેત્રને વધુ મહત્વ આપ્યું છે. ગુજરાતમાં ૧૯૯૫માં માત્ર ૨૦ ડિગ્રી-એન્જિનિયરિંગ કોલેજો હતી જે આજે વધીને ૨૪૨ થઈ છે. ૨૨૯૫ ડિગ્રી-એન્જિનિયરિંગની બેઠકો હતી જે વધીને આજે ૮૧૫૮૬ થઈ છે. તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં ૧૯૯૫માં માત્ર ૯ ડિપ્લોમા-એન્જિનિયરિંગ કોલેજો હતી જે આજે વધીને ૧૬૪ થઈ છે.







**કોમર્સ કોલેજમાં સેમે. ૬ના વિદ્યાર્થીઓ આવતાં વર્ગખંડોનું શિક્ષણ ચાલુ**

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરાયેલ હુકમ મુજબ આજથી શહેરની કોલેજોમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો છે. ગાંધીનગર સે. ૧૫ સ્થિત કોમર્સ કોલેજમાં આજે સેમેસ્ટર-૬ ના વિદ્યાર્થીઓ આવ્યા હતા. ૪૦ ટકા થી વધુ વિદ્યાર્થીઓ આજે ઓફલાઈન શિક્ષણ માટે આવ્યા હતા. આજે કોલેજ આવેલા વિદ્યાર્થીઓનું આચાર્ય ડૉ. સુતરિયા અને કર્મયોગીઓ દ્વારા માસ્ક તેમજ સેનીટાઈઝરની કીટ બનાવી સ્વાગત કરાયુ હતુ. સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે આજે કોલેજોના વર્ગખંડો ધમધમી ઉઠ્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. સુતરીયાએ જણાવ્યુ છે કે ઓનલાઈન એજ્યુકેશન પણ ચાલુ રાખવામાં આવશે.

# ૧૦ લાખની માંગણી કરનાર પતિ અને સાસરીયા સામે સેક્ટર-૨૩ની મહિલાની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

વેપાર માટે ૧૦ લાખની માંગણી કરનાર પતિ તેમજ સાસરીયા સામે મહિલાએ શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાવી છે. જેને પગલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ તરફથી મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતે રહેતા અંકિતા ના લગ્ન જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ સામાજીક રીત રીવાજ મુજબ ચાંદલોડીયા ખાતે રહેતા જય કનુભાઈ પટેલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન પછી પતિ-પત્નિ ગોવા ફરવા માટે ગયા હતા. તે સમયે પતિ શંકા કરીને નાની નાની વાતમાં ટકોર કરી બોલાચાલી કરીને લાફો પણ માર્યો હતો. સાસરીપક્ષમાં નણંદ હીરલ અને નણદોઈ મિહિરભાઈ પટેલ તેમજ સસરા કનુભાઈ અંબાલાલ પટેલ ઘરકામ અંગે મેણા-ટોણા મારતા હતા. પતિને ઘરકામ અંગે ચઢામણી કરી સમાજમાં લગ્ન કર્યા હોત તો કરીયાવર વધુ આવ્યો હોત તેવી ચઢામણી કરતા હતા.જેથી પતિએ પણ અપશબ્દો બોલીને ઝઘડો કર્યો હતો. પતિએ ફાઈબર અને નેટવર્ક કેબલના બિઝનેસ માટે પિયરમાંથી રૂ.૧૦ લાખ લાવવા માટે કહ્યું હતું. માતા-પિતા મીડલ ક્લાસ ફેમીલીના હોવાથી આટલા બધા રૂપીયા ન હોવાનું કહેતા પતિ માર મારતો હતો. વર્ષ ૨૦૧૯ ડિસેમ્બરમાં સાસુ સરોજબેન ઓસ્ટ્રેલીયાથી પત આવ્યા હતા. તે સમયે પરિણિતાએ ત્રાસ અંગે વાત કરતા તેઓએ પણ પુત્રનો પક્ષ લઈને મેણા ટોણા માર્યા હતા. પરણિતાએ પોતાના માતા-પિતા વિશે ગમે તેમ ન બોલવાનું કહેતા સાસુએ એસીડ પીવડાવી મારી નાંખવાની ધમકી આપી હોવાની પરિણિતાનો દાવો છે. જે બાદ સાસરીયા પિયરમાંથી કરીયાવર લઈ આવવા દબાણ કરતા પરિણિતાને ગડદાપાટુનો માર માર્યો હતો. માર્ચ-૨૦૨૦ પરણિતા બિમાર પડતા પતિએ પિયરમાં દવા કરાવવાનું કહીને વૈષ્ણોદેવી મુકીને જતો રહ્યો હતો. ત્યારબાદ પરિણિતા તેમજ તેના પરિવારના સભ્યોના ફોન સાસરીપક્ષના સભ્યો એ ઉપાડવાનું બંધ કરી દીધુ હતું, ત્યારબાદ સગા-સંબંધીએ સમજાવા માટે પ્રયત્ન કરતા સામે પક્ષે કોઈએ રસ લીધો ન હતો. જેથી પરિણિતાએ પતિની ઓફિસે જતા તેને અપમાનિત કરીને કાઢી મુકી હતી. જેને પગલે પરણિતાના ભાઈ અને માસા સાસરીમાં સમજાવવા ગયા તે સમયે તેઓને ઘરની બહાર ઉભા રાખીને ગાળાગાળી કરી અપમાનિત કરાયા હતા. આ બધા વચ્ચે ઉતરાયણ પહેલા ૧૦ જાન્યુઆરીએ પરિણિતા સામેથી સાસરીમાં રહેવા જતા સાસુએ ગાલો બોલીને ઘરમાંથી કાઢી મુક્યા હતા અને પતિએ પાછી આવીશ તો મારી નાંખવાની અને પરિવાર પર ખોટા પોલીસ કેસ કરવાની ધમકી આપી હતી. જેને પગલે પરિણિતાએ પતિ, સાસુ-સસરા, નણંદ-નણદોઈ સામે શારીરીક-માનસિક ત્રાસ તેમજ ૧૦ લાખના દહેજની માંગણી કરતા પરિણિતાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોધાતા પોલીસ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૬ એ ખાતેથી અતુલ શકિત રીક્ષામાંથી બેટરી ચોરાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટર-૬ એ માંથી ઘર પાસે પાર્ક કરેલી અતુલ લોડીંગ રીક્ષામાંથી બેટરીની ચોરી થવા પામી છે. રીક્ષા પાર્ક કરીને રીક્ષા માલિક બે દિવસ ઘર બંધ કરીને બહાર ગયા હતા. તે સમયે ચોર શખ્સો બેટરી ચોરીને પલાયન થઈ ગયા છે. રીક્ષા માલિકે બેટરી ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે અરજી કરી છે.

ગાંધીનગર શહેરમાં હવે બેટરી ચોર ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. રાત્રીના સમયે પાર્ક કરેલા વાહનોમાંથી બેટરી ગાયબ થઈ જાય છે. ગાડીમાંથી બેટરી ચોરીની ઘટનાને પગલે સ્થાનિક નાગરીકોને પણ ભય સતાવી રહ્યો છે. ત્યારે સેકટર-૬ એ ખાતે ઘર પાસે પાર્ક કરેલી લોંડીંગ રીક્ષામાંથી એકસાઈડની બેટરી ચોર ઈસમો ઉઠાવી ગયા છે. રીક્ષા માલિક બે દિવસ બાદ પરત ફરતા રીક્ષા ચાલુ કરવા જતા ખબર પડી કે બેટરીની ચોરી થવા પામી છે. પોલીસ મથકે થી ગણતરીના અંતરે આવેલા વિસ્તારમાંથી બેટરી ચોરી થતા વસાહતીઓમાં પણ ડરનો માહોલ છવાયો છે.

# ગાંધીનગર જિલ્લાના ૬૮ ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૮

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સમગ્ર ઉત્તર ગુજરાતના ૫૯૦ ગામોને કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના કુલ- ૬૮ ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે, તેવું આજરોજ દહેગામ ખાતે કિસાન સૂર્યોદય યોજનાનો આરંભ કરાવતાં યુ.જી.વી.સી.એલ.ના મેનેજીંગ ડિરેકટર મુકેશસિંધે જણાવ્યું હતું.

ગુજરાત રાજય વીજ ક્ષેત્રે સરપ્લસ છે, તેનો આનંદ વ્યક્ત કરીને યુજીવીસીએલના એમ.ડી. મહેશસિંધે જણાવ્યું હતું કે આગામી બે થી ત્રણ વર્ષના ટુંકા ગાળામાં રાજયના ૧૮,૨૫૦ ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લઈને દિવસે વીજળી આપવામાં આવશે.

રાજય વીજ ક્ષેત્રે સરપ્લસ હોવા છતાં સરકાર આપણને કેમ એક સાથે દિવસે વીજળી આપતી નથી તેવો ધરતી પુત્રને પ્રશ્ન સતત મૂંઝવતો રહે છે, તેવું કહી તે અંગેની સ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં જે રીતે દરેક ગામને જયોતિગ્રામ યોજના અંતર્ગત ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે. તે રૂટને યથાવત રાખવાનો છે. કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળી આપવા માટે અલગથી વીજળી આપવા માટેનું જરુરી ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કેવી રીતે કરવામાં આવી રહ્યું છે, તેની વિસ્તૃત વાત કરી હતી. જેમ જેમ આ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભા થશે, તે વિસ્તારના ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવામાં આવશે. કિસાન મોરચાના મહામંત્રી હિતેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે આપણાં વડાપ્રધાને ૨૪ ઓક્ટોમ્બર-૨૦૨૦ના રોજ કિસાન સૂર્યોદય યોજનાનું ઈ-લોકાર્પણ કરીને ૩ જિલ્લાઓમાં ખેડૂતોને દિવસે થ્રી ફેઝ વીજળીની યોજના આપવાની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કરાવીને ખેડૂતોને એક અમૂલ્ય ભેટ આપી છે. ખેડૂતોને સબસિડીની પણ રાહત મળી છે. આ યોજના હેઠળ ૨૦૨૧ના અંત સુધી રાજયભરના તમામ ૧૮ હજાર ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળીનો લાભ મળતો થશે. ખેડૂતોને પાણી મળી રહે તે માટે વહેતા પાણીને રોકવા માટે ચેકડેમો, બોરીબંધ વગરે જેવા કામ કર્યા છે, ખેતરોમાં પાણી જાય તેની વ્યવસ્થા સરકારે કરી આપી છે. મુખ્યમંત્રીએ સાતપગલા ખેડૂત કલ્યાણ, કુટિરગ્રામ જેવી યોજનાઓની પણ શરૂઆત ખેડૂતો માટે કરી છે.

# ગ-૨ થી ખ-૨ તરફ જતા માર્ગ પર ૩૦ બિયર સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર શહેરના ગ-૨ થી ખ-૨ તરફ જતા માર્ગ પર સેકટર-૪ ના કટ પાસેથી બિયરના ૩૦ ટીન સાથે એક યુવક ઝડપાયો છે. સેકટર-૭ પોલીસે રૂ.૩ હજારની કિંમતના બિયરના ૩૦ ટીન કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. શહેરના સેકટર-૭ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે સેકટર-૪ છાપરા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં એક ઈસમ દારૂનો વેપાર કરવા ઉભો છે.જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા થેલા સાથે એક શખ્સ મળી આવ્યો હતો. પોલીસે શખ્સને તેનુ નામ પુછતાતે સેકટર-૧૫ ફતેપુરા છાપરામાં રહેતો પ્રવિણસિંહ રણજીતભાઈ બારીયા(ઉં.૨૨ મુળ.પંચમહાલ)હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે થેલો ચેક કરતા અંદરથી બિયરના ટીન ૩૦ મળી આવ્યા હતા.


## જાહેર નિવિદા

આથી વનીકરણ અને તેને સંલગ્ન તથા માઈનોર સિવિલ વર્કસ અન્વયેની કામગીરી માટે ઈજારદારોની યાદી સુચિબદ્ધ કરવા માટેના ભાવો ટેન્ડરથી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ રૂ. ૧૫૦૦/- રોકડા ભર્યેથી રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન ગાંધીનગર વન વિભાગ હેઠળની રેન્ડ ફોરેસ્ટ ઓફિસરની કચેરી, માણસા રેન્જ ગાંધીનગર ખાતેથી ઉપલબ્ધ થશે. ટેન્ડર અંગેની શરતો તથા તે ખોલવા અંગેની તેમજ અન્ય વિહતો અત્રેની રેન્જ કચેરીએથી ઉપલબ્ધ થશે. ટેન્ડરફોર્મ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૭/૧/૨૦૨૧ના ૧૨.૦૦ કલાક સુધી મળશે. ભરેલ ટેન્ડરો તા. ૨૭/૧/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં પરત આપવાના રહેશે.

માહિતી/૧૭૭૨/૨૦-૨૧

## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૦-૨૧
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૫૬/૨૦૨૦-૨૧ | Comprehensive Operation & Maintenance of all Electrical & Mechanical Equipments & Instruments with civil works and rising main of Pethapur, Randheja and Zundal Sewage Pumping Stations of GMC One Year. | રૂ. ૧૫૦૦/- | રૂ. ૩૩,૦૩૩/- |

ટેન્ડર ફોર્મ તા. ૧૯/૧/૨૦૨૧ થી તા. ૨૭/૧/૨૦૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબ સાઈટ્ટુ.હૅષ્ટિી.ર્ષ્દ્ધ પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૮/૧/૨૦૧ થી ૧/૨/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેસ્લ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૩/૨/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
માહિતી/૧૭૮૩/૨૦-૨૧ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(ગુજરાત સરકારનું સાહસ)

**જાહેર નિવિદા નં. ૧૪ સને ૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ, જલ ભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર (મો. ૯૯૭૮૪૦૬૮૧૯), (ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૪૨૬) દ્વારા ખેડબ્રહ્મા / હિંમતનગર પેટા વિભાગીય કચેરી હસ્તકના (૧) ગુદીખાણ (હળદર ફળીયું) તા. પોશીના ગામે ૨૦,૦૦૦ લી. ક્ષમતાની જી.એલ.સી.સી. ૯૦/૬૩ મી.મી.વ્યાસની પીવીસી પાઈપલાઈન સ્ટેન્ડ પોસ્ટ્ર અને હાઉસ કનેક્શન માટેની કામગીરી (ટેન્ડર આઈ.ડી. : ૪૪૫૧૮૦) (બીજીવાર) (૨) રબારીવાસ (વિરેશ્વર - ચાંપલપુર) તા. વિજયનગર ગામે ૨૦,૦૦૦ લી. ક્ષમતાની જી.એલ.સી.સી. ૯૦/૬૩ મી.મી. વ્યાસની પીવીસી પાઈપ લાઈન, સ્ટેન્ડ પોસ્ટ્ર અને હાઉસ કનેક્શન માટેની કામગીરી (ટેન્ડર આઈ.ડી. : ૪૪૫૧૯૫) (બીજીવાર) (૩) બામણા તા. હિંમતનગર મુકામે ૫.૦૦ મી. વ્યાસની અને ૨૪ મીટર ઉંડો કુવો, પંપરૂમ તથા પાઈપ લાઈન કરવાની કામગીરી. (પ્રથમવાર) (ટેન્ડર આઈ.ડી. : ૪૪૫૧૭૬) (૪) વણધોલ તા. વિજયનગર ગામે ૨૦,૦૦૦ લી. ક્ષમતાની જી.એલ.સી.સી. ૯૦/૬૩ મી.મી. વ્યાસની પીવીસી પાઈપ લાઈન, સ્ટેન્ડ પોસ્ટ્ર અને હાઉસ કનેક્શન માટેની કામગીરી (ટેન્ડર આઈ.ડી. : ૪૪૫૨૦૩) (પ્રથમવાર) જેની અંદાજીત કિંમત રૂ. ૩૫ લાખ થવા જાય છે. કોન્ટાર્કટર માટેની પાત્રતા 'ઈ-૨' વર્ગ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર પાસેથી માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન રજૂ કરવાની છેલ્લી તારીખ : ૩૦/૧/૨૦૨૧ના રોજ ૧૮.૦૦ કલાક સુધી અને જરૂરી ફીજીકલ સબમીશનના ડોકયુમેન્ટ તા. ૧/૨/૨૦૨૧ના રોજ ૧૫.૦૦ કલાક સુધી આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયર અને હાથોહાથ રજૂ કરવાના રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબસાઈટ www.gwssb.org, http://www.gwssb.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો કચેરી સમય દરમિયાન ઉપરોક્ત કચેરી પાસેથી મેળવી શકાશે. હવે પછીના સુધારા વેબ સાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નંબર - ૧૯૧૬ પર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૪૮૩/૨૦૨૧